# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

REACHING NATIONS

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVI | YEAR OF OUR LORD JESUS CHRIST, 2024 OCTOBER | NO: 08


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

નીતિવચનો ૧૩:૧-૧૦

૧. ડાહ્યો દીકરો પોતાના બાપની શિખામણ માને છે; પણ તિરસ્કાર કરનાર માણસ ઠપકાને કાન દેતો નથી.

૨. માણસ પોતાના શબ્દોથી હિતકારક ફળ ખાશે; પણ કપટીનો જીવ જુલમ વેઠશે.

૩. પોતાનું મોઢું સાચવીને બોલનાર પોતાના જીવનું રક્ષણ કરેં છે; પણ પહોળા મોઢાથી બોલનારનો વિનાશ થશે.

૪. આળસુનો જીવ ઈચ્છા કરે છે, પણ તેને કંઈ મળતું નથી; પણ ઉદ્યોગીના જીવને પુષ્ટ કરવામાં આવશે.

૫. સદાચારી માણસ જૂઠનો ધિક્કાર કરે છે; પણ દુષ્ટ માણસ કંટાળો આપે છે, અને ફજેત થાય છે.

૬. સદાચાર યથાર્થી માણસોનું રક્ષણ કરે છે; પણ દુષ્ટતા પાપીને ઉથલાવી નાખે છે.

૭. એવા લોકો છે કે જે દ્રવ્ય પ્રાપ્ત કરવા છતાં છેક કંગાલ હોય છે; એવા પણ છે કે જે પોતાને દરિદ્રી બનાવી દેવા છતાં ધનાઢ્ય હોય છે.

૮. દ્રવ્યવાનના જીવનો બદલો તેનું દ્રવ્ય છે; પણ દરિદ્રીને ધમકી સાંભળવી પડતી નથી.

૯. નેકીવાનોનો પ્રકાશ આનંદ છે; પણ દુષ્ટોનો દીવો હોલવી નાખવામાં આવશે.

૧૦. અભિમાનથી તો કેવળ તકરાર ઉત્પન્ન થાય છે; પણ સારી સલાહ માનનારાઓ પાસે જ્ઞાન છે.

## આપણા વિચારો મહત્વના છે : દાઉદના પ્રતિબિંબો

*માનદ મુખ્ય સંપાદક રેવ. એન્જેલાઈન સેલ્વાકુમારી*



આપણા પ્રભુ અને તારણહાર, ઈસુ ખ્રિસ્તના અનુપમ નામમાં સર્વને શુભેચ્છાઓ!

આપણા સામયિક દ્વારા દર મહિને આપણા **ઈકો ઓફ હીઝ કોલ**ના વિસ્તારીત પરિવારના સભ્યો સાથે જોડાઈને મને ખૂબ જ આનંદ થાય છે. આવો યહોવા પ્રભુ આપણા જીવનોમાં તેમના હેતુને પરિપૂર્ણ કરવા માટે સતતની દોરવણી અને માર્ગદર્શન આપતા રહો અને તેમના પાછા આવવાના સમયને માટે આપણને તૈયાર કરો.

આદરણીય બેન્જામિન ફ્રેન્કલીન, જેમને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના સ્થાપક પિતા તરીકે ગણવામાં આવે છે, તેમણે એક વખત જણાવ્યું હતું કે, ‘‘જો તમે યોજના બનાવવામાં નિષ્ફળ જશો, તો તમે નિષ્ફળ થવાની યોજના બનાવી રહ્યા છો.’’ આ ખૂબ પ્રભાવશાળી શબ્દો છે. આયોજન એ આપણા જીવનોનું નિર્ણાયક પાસું છે.

કેટલીક વ્યક્તિઓ આયોજન અને અમલીકરણ બંનેમાં શ્રેષ્ઠ છે.

અન્ય લોકો યોજના બનાવી શકે છે પરંતુ તેમની વ્યૂહરચનાઓ અમલમાં મૂકવા માટે સંઘર્ષ કરી શકે છે.

ત્યાં બીજું જૂથ છે જે બિલકુલ આયોજન કરતું નથી, તેને બદલે પ્રવાહ સાથે જવાનું પસંદ કરે છે.

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીઝ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ - સવારે ૨.૦૦ વાગેથી

તામિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે

(કૃપા કરીને સબકાઈબ કરો અને વહેંચો)

ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

REACHING NATIONS



## *from your dearly beloved brother...*



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.

**HON. EDITOR-IN-CHIEF**
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

**HON. MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**GENERAL MANAGER**
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.

**ADMINISTRATION**
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

**EDITORIAL BOARD**
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran

**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858
95661 31858

**E.MAIL**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call

**“યહોવા તમારે માટે યુદ્ધ કરશે,**
**ને તમારે શાંત રહેવું.”** – નિર્ગમન ૧૪:૧૪

વહાલા મિત્રો,

આપણા પ્રભુ અને તારણહાર, ઈસુ ખ્રિસ્તના અનુપમ નામમાં અમે તમને શુભેચ્છા પાઠવીએ છીએ! અમે પાળક એસ. સામ સેલ્વારાજની આત્મકથા તૈયાર કરવાની પ્રક્રિયામાં છીએ. જો તમને છેલ્લા ૫૫ વર્ષોમાં **ઈકો ઓફ હિજ કોલ** ઓફ મિનિસ્ટ્રીજ દ્વારા આશીર્વાદ મળ્યો હોય, અને જો તમે પાળક એસ. સેમ સેલ્વારાજ અને તેમના સેવાકાર્યો દ્વારા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે નોંધપાત્ર મુલાકાત કરી હોય, તો અમે તમને તમારા અનુભવો આ આત્મકથામાં સમાવેશ કરવા માટે અમારી સાથે વહેંચવા માટે આમંત્રણ આપીએ છીએ. ઈશ્વર તમને આશીર્વાદિત કરશે!

જ્યારે આપણે ૨૦૨૪ના અંતની નજીક આવી રહ્યા છીએ, અમે તમારી સાથે હાથ મિલાવીએ છીએ અને તેમણે આપણને આપેલી અકથ્ય અને સમજાવી ન શકાય તેવી સમયસર મદદ માટે ઈશ્વરની પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. અસંખ્ય પ્રસંગોએ, તેમણે અમારા મિશનને સમર્થન આપવા માટે તમારો ઉપયોગ કર્યો છે. એ જ પ્રભુ, ઈસુ ખ્રિસ્ત, આજે તમારા માટે ઉપલબ્ધ છે; તેથી, તમે તેમનામાં વિશ્વાસ કરી શકો છો અને તમારા પોતાના જીવનમાં ચમત્કાર માટે તેમના પર આધાર રાખી શકો છો.

આ મુદ્દા દ્વારા, અમે અમારી મિનિસ્ટ્રીજના નીચેના ક્ષેત્રો માટે તમારી આતુર પ્રાર્થનાઓ માટે વિનંતી કરીએ છીએ :

- આશરે ૭૫ વ્યક્તિઓ દર મહિને ૧૬ ભાષાઓમાં **ઈકો ઓફ હિજ કોલ** સમાચારપત્રના પ્રકાશનમાં સામેલ છે. તેમની જવાબદારીઓમાં સંદેશાઓ તૈયાર કરવા, ટાઈપ કરવા, અનુવાદ કરવા, પ્રૂફરીડિંગ, પેજ લેઆઉટ, મશીન પ્રિન્ટીંગ, હેન્ડ ફોલ્ડિંગ, લેબલીંગ અને પોસ્ટ ઓફિસને ચોક્કસ તારીખો પર સમાચારપત્રો પહોંચાડવા તેમજ ઈમેઈલ મોકલવા, એ બધી બાબતોનો સમાવેશ થાય છે. તાજેતરમાં, જ્યારે મિનિસ્ટ્રીજનો વિકાસ થયો છે, શત્રુઓએ આ ભાઈઓ અને બહેનોને નિશાન બનાવ્યા છે, તેઓને માંદગી, કૌટુંબિક સમસ્યાઓ અને નાણાકીય મુશ્કેલીઓ દ્વારા પરેશાન કરવાનો પ્રયાસ કર્યો છે. કૃપા કરીને તમામ ૭૫ સભ્યો અને તેમના પરિવારજનોને તેમના ઉત્કર્ષ માટે, સારાપણા માટે તમારી પ્રાર્થનામાં યાદ રાખશો.
- જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ તેમ કાર્યકરોની માનસિકતા, સરકારી નીતિઓ અને અમારા મિત્રો તરફથી નાણાકીય સહાયમાં ઘટાડો થવાને કારણે વહીવટી પડકારો વધુ તીવ્ર બન્યા છે. હાલના ઘણા વિશ્વાસીઓ સમૃદ્ધિ, ખોટા સિદ્ધાંતો અને આત્મિક વિશ્વના આકર્ષણોથી પ્રભાવિત છે, જે ઈશ્વરના ખરા સેવકોની ઉપેક્ષા તરફ દોરી જાય છે. આપણે ખરેખર આ પરિસ્થિતિથી પ્રભાવિત છીએ, પણ આપણા ઈશ્વર તેમના સેવકો અને મિનિસ્ટ્રીજોની સંભાળ રાખવામાં વિશ્વાસુ રહ્યા છે. કૃપા કરીને આ સંજોગોમાં પરિવર્તન માટે પ્રાર્થના કરશો.
- અમારા ચર્ચો, **નહેમ્યા બાઈબલ કોલેજો,** ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો, બાઈબલકોર – બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો, યૂટ્યુબ મિનિસ્ટ્રી, **સેન્ટ પોલની મેટ્રિક્યુલેશન સ્કૂલ** અને પ્રિન્ટિંગ પ્રેસ અસરકારક રીતે કાર્યો કરી રહ્યાં છે; જો કે, આ તમામ બાબતોને આત્મિક અને નાણાકીય પ્રોત્સાહનની જરૂર છે.

Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ❂ BIBLECOR - Postal Courses (3 languages) ❂ YouTube Ministry ❂ Online Courses ❂ Theological Correspondence Courses (2 languages) ❂ Church Planting ❂ Nehemiah Bible Colleges ❂ Gospel Printing Press ❂ Great Commission Partners ❂ St. Paul's Matriculation School ❂ Crusades ❂ Community Development

- આપણા મિશન ક્ષેત્રો, ચર્ચો, પ્રિન્ટિંગ પ્રેસ, ઑફિસો, શાળાઓ અને બાઈબલ કોલેજોમાં અમારી સાથે સહયોગ કરવા માટે અમને વધુ સમર્પિત કાર્યકરોની જરૂર છે.
- અમારી હિન્દી અને તામિલ **નહેમ્યા બાઈબલ કોલેજો** માટે વિદ્યાર્થીઓની ભરતી કરવી અમને પડકારજનક લાગી રહી છે. કેટલાક આગેવાનો વિવિધ કારણોસર તેમના જુવાનોને બાઈબલ કોલેજોમાં મોકલવામાં અચકાતા હોય છે. તેમ છતાં, અમે તેમને વિવિધ વિસ્તારોમાં પાછા મોકલતા પહેલા કાળજીપૂર્વક શિક્ષિત કરીએ છીએ, તાલીમ આપીએ છીએ, ખોરાક પૂરો પાડીએ છીએ અને તેમની તમામ જરૂરિયાતોને પૂરી કરીએ છીએ, તેમને તેમના ઈશ્વરે આપેલા તેડાં અનુસાર તેમના સેવાકાર્યોને ચાલુ રાખવા સક્ષમ બનાવીએ છીએ. અમે અમારી તાલીમ માટે કોઈ ફી લેતા નથી. અમે જે વિદ્યાર્થીઓને તાલીમ આપી છે તેઓ હવે મિશન ક્ષેત્રોમાં તારાઓની જેમ ચમકી રહ્યાં છે. કૃપા કરીને આ પરિસ્થિતિ માટે પ્રાર્થના કરશો.

અમે આ વર્ષે સપ્ટેમ્બર, ઑક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર મહિના દરમિયાન ઘણા બહારી વિસ્તારોની મિનિસ્ટ્રીજોને મુલાકાત માટે સુનિશ્ચિત કરી છે. અમે આ પ્રવૃત્તિઓ દરમિયાન સલામતી માટે તમારી પ્રાર્થનાઓ માટે વિનંતી કરીએ છીએ.

અમે સેવાકાર્યમાં સાથે મળીને મુસાફરી કરીએ છીએ ત્યારે અમે તમારા સમર્થનની ખૂબ પ્રશંસા કરીએ છીએ. અમે તમારા બધા પત્રો અને ઈમેલનો જવાબ આપવા અને મની ઓર્ડર, બેંક ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ, ટ્રાન્સફર, નેટ બેંકિંગ અને ગ્રૂ-હ્ફુ દ્વારા તમારા સર્વ નાણાકીય યોગદાનોને સ્વીકારવાનો પ્રયત્ન કરીએ છીએ. જો તમને વાજબી સમયમર્યાદામાં અમારા જવાબો, રસીદો અથવા અમારું ન્યૂઝલેટર, **ઈકો ઑફ હિઝ કોલ** પ્રાપ્ત ન થાય, તો કૃપા કરીને અમારો +૯૧ ૯૮૪૧૦ ૭૧૮૫૮ અથવા +૯૧ ૯૮૪૧૨ ૭૧૮૫૮ પર સંપર્ક કરશો. અમે તમને મદદ કરવા માટે અહીં હાજર છીએ.

ઈશ્વર તમને ભરપૂરીપણાથી આશીર્વાદિત કરો.

ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો,

**પાળક એસ. સામ સેલ્વરાજ અને એલેક્ષ સેમસન સામ**
(+91) 98412 71858/98410 71858
E-mail : sam@echoofhiscall.org

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## કૃપા કરીને ધ્યાન આપો....

અમારા પાંચ મિનિટના ઈકો ઓફ હીજ કોલ યૂટ્યૂબ સંદેશાઓ સવારે ૨.૦૦ વાગેથી તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દીમાં (દરરોજ) પ્રસારીત કરવામાં આવે છે. તમે આ સંદેશાઓ સાંભળીને ઈશ્વરની કૃપા મેળવી શકો છો.

વધુમાં તમે મારા મોબાઈલ નંબરો (+૯૧)૯૮૪૧૦૭૧૮૫૮, +૯૧(૯૮૪૧૨૭૧૮૫૮) તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

(પાન ૧થી આગળ...)

મને આશ્ચર્ય થાય છે, તમે કઈ શ્રેણીના છો? બાઈબલ આપણને નીતિવચનો ૧૯:૨૧માં યાદ અપાવે છે : **“માણસના મનમાં ઘણી યોજનાઓ હોય છે; પણ યહોવાનો મનસૂબો જ કાયમ રહેશે.”**

આપણે આપણા ભવિષ્યને લગતી અસંખ્ય યોજનાઓ બનાવી શકીએ છીએ - શિક્ષણ, લગ્ન, બાળકો, કારકિર્દી અને સંપત્તિ પ્રાપ્ત કરવી, વગેરે વગેરે. આપણે સતત વિચારીએ છીએ અને વ્યૂહરચના બનાવીએ છીએ. જો કે, તે આખરે યહોવા પ્રભુની ઈચ્છાઓ છે અને તે ફળદાયી બને છે. નીતિવચનો ૧૬:૯માં અન્ય એક કલમ જણાવે છેઃ **“માણસનું મન પોતાના માર્ગની યોજના કરે છે; પણ તેનાં પગલાં ચલાવવાનું યહોવાના હાથમાં છે.”** કેજેવી વર્ઝનમાં માણસનું મન પોતાના માર્ગની યોજના શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જ્યારે તમિલ બાઈબલ તેને “માણસનું હૃદય વિચારે છે” તરીકે સ્પષ્ટ કરે છે અને ભારપૂર્વક જણાવે છે કે તે યહોવા પ્રભુ છે જે આપણા માર્ગો સ્થાપિત કરે છે અથવા નિર્દેશિત કરે છે.

વિચાર એ ઈશ્વરે મનુષ્યને આપેલી અસાધારણ ભેટ છે. મનોવૈજ્ઞાનિકો પણ ખાતરી આપે છે કે વિચારો અતિ શક્તિશાળી છે; તેઓ આપણી ક્રિયાઓ અને લાગણીઓ નક્કી કરે છે. આ કારણે જ બાઈબલ આપણને સલાહ આપે છે કે “તમારા મનની સંભાળ રાખો,” કારણ કે આપણે જે કંઈ કરીએ છીએ તે આપણા વિચારોને આકાર આપે છે, અને આપણા વિચારો, બદલામાં, આપણે જે બોલીએ છીએ અને આપણે કેવું વર્તન કરીએ છીએ તેના પર અસર કરે છે. તેથી, વિચાર એ આપણા જીવનોનું નિર્ણાયક પાસું છે.

એક વિચાર આપણા જીવનોના માર્ગને બદલવાની ક્ષમતા ધરાવે છે. આવો આપણે જાણીએ કે ઈશ્વર આપણા વિશે શું વિચારે છે. યર્મિયા ૨૯:૧૧ કહે છે, **“તમારા માટે મારી પાસે વિચારો અને ઈરાદાઓ, યોજનાઓ છે”.** ઈશ્વર પાસે માત્ર યોજનાઓ જ નથી; તેઓ આપણા વિશે વિચારો ધરાવે છે, જે દર્શાવે છે કે તેઓ આપણા વિશે સક્રિયપણે વિચારી રહ્યા છે! શું તમે કલ્પના કરી શકો છો કે સર્જક, જેઓ વિશ્વની ઘટનાઓનું આયોજન કરે છે, તેઓ મારા પ્રત્યે આટલું બધું ધ્યાન રાખે છે? તેઓ માત્ર મારા ભવિષ્યને જ નહિ પણ મારી પેઢીના ભવિષ્ય વિશે પણ વિચારે છે. તે જાણીને ખૂબ જ આશ્વાસન મળે છે કે હું એવા ઈશ્વરમાં વિશ્વાસ કરું છું જેઓ મારી સંભાળ રાખે છે અને મારા વિશે વિચારે છે.

બાઈબલ આપણને શીખવે છે કે, **“મારા વિચારો તે તમારા વિચારો નથી, તેમ તમારા માર્ગો તે મારા માર્ગો નથી.”** (યશાયા ૫૫:૮). આ શા માટે છે? કારણ કે ઈશ્વર જે રીતે આપણને જુએ છે અને જે રીતે તેઓ આપણા વિશે વિચારે છે તે આપણે આપણા વિશે જે રીતે જોઈએ છીએ અને વિચારીએ છીએ તેનાથી

સંપૂર્ણપણે અલગ છે.

દાખલા તરીકે, ન્યાયાધીશોના અધ્યાય ૬માં ગિદિયોનનો વિચાર કરો. તે મિદ્યાનીઓથી સંતાઈને એલોન વૃક્ષ તળે દ્રાક્ષાકુંડની અંદર ઘઉં ઝૂડતો હતો. તેની પાસે ખુલ્લેઆમ આવું કરવાની હિંમતનો અભાવ હતો અને તે પોતાની જાતને સંતાડી રહ્યો હતો. તે ગિદિયોન કોણ હતો તેની વાસ્તવિકતા હતી. જો કે, જ્યારે યહોવા પ્રભુએ ગિદિયોનને દર્શન દીધું, ત્યારે અવલોકન કરો કે તેમણે તેને કેવી રીતે સંબોધ્યો હતો – **"ગિદિયોન મિદ્યાનીઓની નજરે ન પડે માટે દ્રાક્ષાકુંડની અંદર ઘઉં ઝૂડતો હતો. અને યહોવાના દૂતે તેને દર્શન દઈને કહ્યું, પરાક્રમી શૂરવીર, યહોવા તારી સાથે છે."** ન્યાયાધીશો ૬:૧૧-૧૨.

**જ્યારે યહોવા પ્રભુએ ગિદિયોનનો પરાક્રમી શૂરવીર માણસ તરીકે ઉલ્લેખ કર્યો, ત્યારે ગિદિયોન પોતાને તદ્દન**



*The Angel appeared to Gideon*

**અલગ રીતે સમજે છે.**

ન્યાયાધીશો ૬:૧૫માં, તે પ્રતિસાદ આપે છે, **"હે પ્રભુ, ઈસ્રાએલને હું શા વડે બચાવું? જો , મનાશ્શામાં મારું કુટુંબ સૌથી ગરીબ છે, ને મારા બાપના ઘરમાં હું સૌથી નાનો છું".**

ગિડીઓન પોતાને સૌથી નબળો અને સૌથી નાનો માને છે, તેમ છતાં ઈશ્વર તેને તેમના લોકોને બચાવવા અને તેમના શત્રુઓને હરાવવા માટે નિર્ધારિત એક પરાક્રમી શૂરવીર માણસ તરીકે જુએ છે.

ઘણીવાર, તે આપણા પોતાના વિચારો છે જે આપણને પ્રગતિ કરતા અટકાવે છે. આપણે ભેટો, પ્રતિભાઓ અને તેડાંને ઓછા આંકીએ છીએ જે આપણને આપવામાં આવ્યા છે, જે આપણા દૈવી હેતુને પરિપૂર્ણ કરવામાં નિષ્ફળતા તરફ દોરી લઈ જાય છે.

## આગળ વિચારે છે

તેનાથી વિપરીત, કેટલીક વ્યક્તિઓ ઈશ્વરના સમયની રાહ જોવાને બદલે તેમની પોતાની યોજનાઓને અનુસરીને અકાળે કાર્ય કરે છે. મૂસાને ધ્યાનમાં લોઃ જ્યારે તેણે બે મિસરીઓને લડતા જોયા, ત્યારે તે વચ્ચે પડ્યો, એવું માનીને કે તે તેના લોકોને બચાવી શકશે. જો કે, આ ઈશ્વરનો નિયુક્ત સમય ન હતો. બે ઈસ્રાએલીઓ વચ્ચેના વિવાદને ઉકેલવાનો તેનો પ્રયાસ આખરે આપત્તિમાં પૂરો થયો હતો.

## વિચારોનું સામર્થ્ય

આપણા વિચારો અસાધારણ રીતે સામર્થ્યવાન હોય છે; તેઓ આપણા વર્તન અને લાગણીઓને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરે છે. મનોવૈજ્ઞાનિકો આ પ્રભાવને સ્વીકારે છે, તેથી જ તે જ્ઞાનાત્મક વર્તન ઉપચારમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. વિચારો આપણા જીવનોના નિર્ણાયક પાસામાં પ્રભુત્વ ધરાવે છે, તેથી જ બાઈબલ આપણને આપણા મનોનું રક્ષણ કરવાની સલાહ આપે છે. આપણે જે આપણા મનોમાં દાખલ થવાની મંજુરી આપીએ છીએ તે આપણે કેવી રીતે વિચારીએ છીએ તેની ઊંડી અસર કરે છે. એક ગેરમાર્ગે દોરાયેલો વિચાર આપણા જીવનોના સમગ્ર માર્ગને પાટા પરથી ઉતારી શકે છે અને ઈશ્વર આપણા માટે જે યોજનાઓ અને હેતુઓ ધરાવે છે તેનાથી આપણને વિચલિત કરી શકે છે.

## દાઉદના મનનો :

દાઉદ એક એવો માણસ હતો જેણે ઈશ્વરને પ્રસન્ન કરવાની કોશિશ કરી હતી અને તેમને તેના જીવનના કેન્દ્રમાં રાખ્યા હતા. શાઉલ દાઉદનો સતત પીછો કરતો હોવા છતાં, ઈશ્વરે દાઉદને શાઉલના હાથોમાં સોંપ્યો ન હતો. તેને બદલે, ત્રણ કરતાં વધુ પ્રસંગોએ, ઈશ્વરે શાઉલને દાઉદની પકડમમમાં પહોંચાડ્યો હતો. જો કે, દાઉદે એમ જાહેર કરતા શાઉલને નુકસાન ન પહોંચાડવાનું પસંદ કર્યું કે, "તે ઈશ્વરનો અભિષિક્ત છે." દાઉદ શાઉલ પરના અભિષેકને માન આપે છે, ત્યારે પણ જ્યારે શાઉલે તેની દૈવી નિમણૂક અનુસાર કાર્ય કર્યું ન હતું.

(આગળ પાન ૬ પર...)


**નિવાસી બાઈબલ અભ્યાસક્રમ**

**નહેમ્યા બાઈબલ કોલેજ, ચૈનાઈ**

ECHO OF HIS CALL 1968-2018 (ECHO GROUP)

**માધ્યમ : હિંદી**

Recognised by International Christian Leaders & Senior Pastors for the past 55 years

પ્રવેશ લેવા ઝડપ કરો!

**ઈશ્વરવિદ્યામાં ડિપ્લોમા**

શૈક્ષણિક પાત્રતા : ૧૦મું ધોરણ અને વધુ

સંપર્ક કરો : અધ્યક્ષ : નહેમ્યા બાઈબલ કોલેજ

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.

Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858

E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

✶ ONLINE CLASSES ARE AVAILABLE ✶

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ઓક્ટોબર ૨૦૨૪ થી ૧૮ નવેમ્બર ૨૦૨૪ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**ઓક્ટોબર ૧૯:** અવરોધો છતાં ઈશ્વરના રાજ્યનું નિર્માણ કરવા માટે **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીને સક્ષમ કરવા માટે.

**ઓક્ટોબર ૨૦:** આચાર્ય, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ સહિત અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલને** આશીર્વાદિત કરવા માટે.

**ઓક્ટોબર ૨૧:** અમારી મિનિસ્ટ્રીને સમર્પિત સહ સંપાદકો સાથે આશીર્વાદિત કરવા માટે જેઓ ઈકો ઓફ હીજ કોલ સામયિક મિનિસ્ટ્રીને ટેકો આપે છે.

**ઓક્ટોબર ૨૨:** અમારી **સેન્ટ પોલ મેટ્રિકયુલેશન સ્કૂલ** માટે નવા પ્રિન્સિપાલની નિમણૂક કરવામાં તેમના આશીર્વાદ માટે.

**ઓક્ટોબર ૨૩:** અમારા સામયિકને ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાવવા અને પ્રકાશિત કરીને બહારના મિશન વિસ્તારોમાં મોકલવામાં સહાય કરવા માટે અમને સક્ષમ બનાવવા માટે.

**ઓક્ટોબર ૨૪:** અમારા **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીના કર્મચારીઓ અને તેમના પરિવારોનું રક્ષણ કરવા માટે.

**ઓક્ટોબર ૨૫:** અમારા **ઈકો ઓફ હિજ કોલ** યુટ્યુબ મીડિયા મિનિસ્ટ્રીના ૫ મિનિટના સંદેશાઓને કારણે અમને સાક્ષીઓ સાથે આશીર્વાદિત કરવા માટે.

**ઓક્ટોબર ૨૬:** અમારા સમર્પિત કાર્યકરોના સમર્થન દ્વારા અમારા સુવાર્તા છાપખાનાના સતતના સંચાલન માટે અમે આભારી છીએ.

**ઓક્ટોબર ૨૭:** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર તેમના પ્રત્યેની તેમની દયા બદલ અમે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

**ઓક્ટોબર ૨૮:** અમે અમારી વિવિધ મિનિસ્ટ્રીજોમાં તેમના સતત માર્ગદર્શનને માટે તેમની પ્રશંસા કરીએ છીએ.

**ઓક્ટોબર ૨૯:** અમે અમારા બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ અને ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમની વૃદ્ધિ માટે ઉજવણી કરીએ છીએ.

**ઓક્ટોબર ૩૦:** **નહેમ્યા બાઈબલ કોલેજની** સરળ કામગીરીની ખાતરી કરાવવા માટે અમે તેમની દયા માટે આભારી છીએ.

**ઓક્ટોબર ૩૧:** અમારા મિશનરીઓ અને તેમના પરિવારો પર વરસાવેલા આશીર્વાદોને માટે અમે તેમનો આભાર માનીએ છીએ.

**નવેમ્બર ૦૧:** અમારી બહુવિધ મિનિસ્ટ્રીજો દ્વારા સુવાર્તાનો પ્રચાર કરવા માટે અમારા વડીલ પાળકની પ્રતિબદ્ધતાને માટે.

**નવેમ્બર ૦૨:** અમે અમારા મુખ્ય ચર્ચમાં પુરુષોની સભા માટે તેમના આશીર્વાદો ઈચ્છીએ છીએ.

**નવેમ્બર ૦૩:** પાછલા મહિનાની અમારી તમામ નાણાકીય અને આત્મિક જરૂરિયાતો પૂરી કરવા બદલ અમે આભારી છીએ.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**નવેમ્બર ૦૪:** દુનિયાભરમાંના પાળકો અને મિશનરીઓના દૈવી રક્ષણ માટે.

**નવેમ્બર ૦૫:** યુદ્ધનો અંત આવે અને યુક્રેન અને રશિયા વચ્ચે એકતા અને શાંતિની પુનઃસ્થાપના થાય તે માટે.

**નવેમ્બર ૦૬:** તમામ ખ્રિસ્તી સંસ્થાઓ અને ચર્ચો પરના આશીર્વાદો અને રક્ષણ માટે.

**નવેમ્બર ૦૭:** બધા વિશ્વાસીઓના હૃદયોને સમજણથી પ્રકાશિત કરવા માટે.

**નવેમ્બર ૦૮:** આપણી બહેન, જેસી વીણા સામ સેલ્વરાજ માટે, જે ફરીથી બીમાર છે.

**નવેમ્બર ૦૯:** દુનિયાભરના તમામ આત્મિક આગેવાનોને માટે.

**નવેમ્બર ૧૦:** આપણા વડીલ પાળકને તેમની આત્મકથા લખવામાં તેમના ઉદાર માર્ગદર્શન માટે.

**નવેમ્બર ૧૧:** આપણા મિશન ક્ષેત્રમાં કામ કરતા કાર્યકરો માટે.

**નવેમ્બર ૧૨:** ઈશ્વર આપણા **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજમાં વધુ સમર્પિત કાર્યકરોને લાવે તે માટે.

**નવેમ્બર ૧૩:** અમારી નાણાકીય જરૂરિયાતો, જેમાં કાર્યકર્તાઓનો પગાર, છાપખાનાના પુરવઠાઓ, પોસ્ટેજ અને અમારી મિનિસ્ટ્રીજો સંબંધિત પરિવહનનો સમાવેશ થાય છે.

**નવેમ્બર ૧૪:** માદક દ્રવ્યોના વ્યસની અને ખોટા કામ કરનારાઓ માટે સંપૂર્ણ રાહત.

**નવેમ્બર ૧૫:** આ પેઢીના **જુવાનો તથા બાળકો** માટેના પ્રાર્થના કરવાના અમારા **વૈશ્વિક દર્શનની મિનિસ્ટ્રીજમાં** દર્શન માટે નોંધણીમાં વધારો થાય તે માટે.

**નવેમ્બર ૧૬:** સર્વ ધર્મો વચ્ચે એકતા માટે.

**નવેમ્બર ૧૭:** અમને વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા ફેલાવવામાં સક્ષમ બનાવવા માટે.

**નવેમ્બર ૧૮:** આપણા આગેવાનો, સરકારી અધિકારીઓ અને સત્તાવાળાઓ પ્રત્યે તેમની કૃપાળુ દયા માટે.

*****

(પાન ૪ પરથી આગળ...)

એક પ્રસંગે, જ્યારે દાઉદ કિલ્લેબંધ શહેર કઈલાહ ગયો હતો, ત્યારે શાઉલે તેને પકડવાની આ એક ઉત્તમ તક ગણી, એવું માનીને કે દાઉદ દરવાજા તથા ભૂંગળોવાળા નગરમાં પેસવાથી અંદર ગોંધાઈ ગયો હશે અને બચી શકશે નહિ. (૧ શમુએલ ૨૩). તો પણ, આપણે જોઈએ છીએ કે ઈશ્વરે દાઉદને બચાવ્યો હતો. ફરીથી, અધ્યાય ૨૬માં, શાઉલ દાઉદને પકડવાની નજીક હતો, પરંતુ વધુ એક વાર, ઈશ્વરે દાઉદને નાસી છૂટવામાં સહાય કરી હતી.

અધ્યાય ૨૬માં અન્ય એક પ્રસંગે, જ્યારે શાઉલ દાઉદનો નજીકથી પીછો કરી રહ્યો હતો, ત્યારે દાઉદને શાઉલને મારી નાખવાની તક મળી હતી પરંતુ તેણે અભિષિક્ત પર હાથ નાખવાનું પસંદ કર્યું નહોતું, તેને બદલે તેણે ત્યાંથી દૂર જતા રહેવાનું પસંદ કર્યું હતું. આ પરીક્ષણો દરમિયાન, ઈશ્વર દાઉદના જીવનમાં વિશ્વાસુ રહ્યા હતા. શાઉલે ગમે તેટલી જોરથી દાઉદને મારી નાખવાની કોશિશ કરી હોય, ઈશ્વરે તેનું સતત રક્ષણ કર્યું હતું. જેમ ૧ શમુએલ ૨૩:૧૪માં કહેવાયું છે, **"...શાઉલ દરરોજ તેને શોધ્યા કરતો હતો, પણ દેવે તેને તેના હાથમાં સોંપ્યો નહિ".**

જો કે, દાઉદના જીવનમાં એક એવા સમયો આવ્યા હતા, જેમ કે આપણા બધા જીવનોમાં પણ આવે છે, જ્યારે આપણે ઈશ્વરને પ્રેમ કરીએ છીએ, ઈશ્વર પર ભરોસો કરીએ છીએ અને જાણીએ છીએ કે તેઓ આપણને પ્રેમ કરે છે અને આપણી કાળજી રાખે છે, જે આપણે પૂછી શકીએ અથવા કલ્પના કરી શકીએ તે કરતાં વધુ કરવા સક્ષમ છીએ. તેમ છતાં, શંકાઓ ઉભી થાય છે, જે આપણને નબળા નિર્ણયો લેવા તરફ દોરી જાય છે.

૧ શમુએલ ૨૭ દાઉદના જીવનમાં એક રસપ્રદ અધ્યાયનું ચિત્રણ કરે છે, તેના સૌથી નીચલા મુદ્દાઓમાંથી એકને ચિહ્નિત કરે છે.

અંગ્રેજી બાઈબલમાં, તે શબ્દસમૂહથી શરૂ થાય છે, પછી દાઉદે પોતાના મનમાં કહ્યું કે. તેને અચાનક ડર લાગ્યો કે તે એક દિવસ શાઉલને હાથે માર્યો જશે, એવું માનીને કે તે હવે શાઉલ સામે ટકી શકશે નહિ. પરિણામે, તેણે નક્કી કર્યું કે તેણે તેના માણસો સાથે તેની સલામતી સુનિશ્ચિત કરવા પગલાં લેવા પડશે. દાઉદે પલિસ્તીઓ વચ્ચે આશ્રય લેવાનું પસંદ કર્યું, ભૂલથી એમ વિચાર્યું કે તે યહોવા પ્રભુના હાથમાં નહિ પણ શત્રુના હાથમાં વધુ સુરક્ષિત રહેશે.

આ સમયગાળા દરમિયાન, આપણે જોઈએ છીએ કે દાઉદને દુન્યવી સફળતાનો અનુભવ થયો હતો. જ્યાં પણ તે જતો, તે વિજયી થતો હતો; તેણે સંપત્તિ, ખ્યાતિ, શક્તિ અને સત્તા એકઠી કરી, તેની પાસે જરૂરી બધું હતું અને તે વિજેતા હતો.

જો કે, આપણે ઘણીવાર સફળતા અને આશીર્વાદોને ઈશ્વર તરફથી મળેલી દૈવી ભેટ તરીકે ગણીને ગૂંચવણમાં મૂકાતા હોઈએ છીએ. શેતાન પણ આપણને સંપત્તિ, ખ્યાતિ અને સમૃદ્ધિ આપી શકે છે. આપણા આશીર્વાદો ઈશ્વર તરફથી છે કે શત્રુ તરફથી છે તે પારખવું મહત્ત્વનું છે. જો કોઈ આશીર્વાદ આપણને ઈશ્વરથી દૂર લઈ જાય છે – જેમ કે કાર્ય અથવા શિક્ષણ જે આપણને દેવળમાં જતા અટકાવે છે અથવા તેની સાથેના આપણા સંબંધોને વધુ ઊંડો બનાવે છે, તો તે આપણી પ્રાથમિકતાઓનું પુનઃમૂલ્યાંકન કરવાનો સમય છે. આપણે જે આનંદ માણીએ છીએ તે ખરેખર ઈશ્વર તરફથી આવે છે કે કેમ તેના પર આપણે વિચારવું જોઈએ.

દાઉદ ખુશ અને સંતુષ્ટ હતો, એવું માનીને કે તે જે નિર્દય હત્યાઓ કરી રહ્યો હતો તે ઈશ્વરને ખુશ કરે છે અને તેના કાર્યોને ન્યાયી ઠરાવે છે.

આશ્ચર્યજનક રીતે, આ સમયગાળા દરમિયાન, આપણે દાઉદને કોઈ ગીતશાસ્ત્રો લખતા જોતા નથી. હું માનું છું કે આ એક માનસિકતાનો પાયો નંખાયો હતો જેણે તેને ખચકાટ વિના હત્યાઓ કરવાની મંજૂરી આપી હતી. બાઈબલ જણાવે છે, દાઉદ તે દેશ પર મારો ચલાવતો, ને કોઈ પણ પુરુષ કે સ્ત્રીને જીવતાં રહેવા દેતો નહિ; **"ઘેટાં, બળદો, ગધેડાં, ઊંટો તથા વસ્ત્રો હરી લઈને તે આખીશ પાસે પાછો**

(આગળ પાન ૮ પર...)


# NEHEMIAH BIBLE

**RESIDENTIAL / EVENING COLLEGE,**
**Velachery / Chepauk & Santhoshapuram, Chennai.**

**Medium : Hindi / Tamil**

**Recognised by International Christian Leaders & Senior Pastors for the past 55 years**

**Qualification : 10th Standard & above**

**Diploma in Theology**

**Rush for Admission!**

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## મુખ્ય ચર્ચના કાર્યક્રમો :

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૩. **બાઈબલકોર** - મૂળભૂત બાઈબલ અભ્યાસક્રમ (અંગ્રેજી, તામિલ અને હિંદી)
૪. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૫. નહેમ્યા બાઈબલ કોલેજો - (ચેપોક, સંથોષપૂરમ અને વેલાચેરી)
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલીમ કાર્યક્રમો - સેમિનારો અને રીટ્રીટો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની સાબ્બાથશાળાઓ- રવિવારે સવારે ૧૦.૩૦ અને સાંજે ૩.૦૦ વાગે. (ચેપોક, વેલાચેરી, બાલાજી નગર અને સંથોષપૂરમ)
**૧૩. વહેલી સવારની ભજનસેવા - રવિવારે સવારે ૫.૩૦ વાગે**
**૧૪. પ્રારંભિક ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે**
**૧૫. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૩૦ વાગે**
**૧૬. જુવાનોની સભા - રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે**
**૧૭. સહભાગીતા ભોજન - રવિવારે બપોરે ૧ વાગે**
**૧૮. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૯. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૨૦. અંગ્રેજી અને હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૨૧. પ્રતિસાદ આપવાનો સમય - રવિવારે સાંજે ૭.૩૦ વાગે
૨૨. મહિલાઓની પ્રાર્થનાસભા - બુધવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. પૂરૂષોની પ્રાર્થનાસભા - શુક્રવારે સાંજે ૭.૦૦ વાગે
૨૪. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૫. ગૃહ બેઠકસભાઓ - મંગળવારે અને બૂધવારે સાંજે ૬.૩૦ વાગે
૨૬. ખાસ પવિત્ર પ્રભુભોજન સંગત - દરેક મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૭. સેવકોની બેઠકસભા - પ્રથમ શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૮. માતાપિતાઓની પ્રાર્થનાસભા - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૯. રાત્રી પ્રાર્થનાસભા - ત્રીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૩૦. ઉપવાસ સાથેની પ્રાર્થનાસભા - બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૩૧. પવિત્ર સહભાગીતા - બીજા રવિવારની ભજનસેવામાં
૩૨. જુવાનો/બાળકો માટે પ્રાર્થના - દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે
૩૩. કર્મચારીઓની ભક્તિસભા - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૪. કાર્યાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગે સુધી (રવિવારો સિવાય)

## ઈકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, **નવુ જીવન-તમારા માટે** એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીજમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઈશ્વર તમને આશીર્વાદિત કરશે!

***વધુ માહિતી માટે અમારા પર લખો***

**અધ્યક્ષ, નહેમ્યા બાઈબલ કોલેજ,**
**ઈકો ઓફ હીજ કોલ,**
૧૦, મહોમદ અબદુલ્લા બીજી ગલ્લી, ક્રિકેટ સ્ટેડીયમની સામે, ચેપોક, ચેનાઈ-૬૦૦૦૦૫, ભારત
ફોન. : (૦૪૪) ૨૮૫૨ ૮૨૮૨, ૨૮૫૨ ૯૨૯૩, ૨૮૫૪ ૭૭૬૬, ફોનઃ૯૮૪૧૦ ૭૧૮૫૨, ૯૦૯૨૪ ૬૨૫૬૬, ફૅક્સ (૦૪૪) ૨૮૫૧ ૫૬૫૮,
E-mail: biblecor@yahoo.co.in

**WANTED**
**PRINCIPAL for CHRISTIAN MATRICULATION SCHOOL at Chennai.**

We need well qualified, experienced, dedicated, hard working and mission oriented Christian.

Apply to :
E.mail: biblecor@yahoo.co.in
WhatsApp: (+91) 97908 05460

## કર રાહત

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટને** અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટની** તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| ખાતાનું નામ | : | **Echo of his call Educational Trust** |
| ખાતા ક્રમાંક | : | ૧૦૨૩ ૨૯૨૩ ૮૦૫ |
| બેન્કનું નામ | : | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા |
| શાખા | : | ત્રિપલીકેન, ચેન્નાઈ - ૬૦૦ ૦૦૫. |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

''જે કોઈ વાંચે, તે તે સમજે'' (માથ્થી ૨૪:૧૫)

### આશ્ચર્યકારક, અદ્ભુત પણ સત્ય!

**કારણ કે માણસ બહારના દેખાવ તરફ જુએ છે, પણ યહોવા હૃદય તરફ જુએ છે. – ૧ શમુએલ ૧૬:૭**

એકવાર, મારા પુત્ર, એલેક્સ સેમસનને, અને મને વિદેશમાં ઈશ્વરના વચનને વહેંચવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. અમને આમંત્રણ આપનાર ભાઈએ અમારો પ્રવાસ ખર્ચ આપવાનું વચન આપ્યું હતું. પ્રભુએ આ દેશમાં અમને માર્ગદર્શન આપ્યું, અને સેવાકાર્ય અસાધારણતાથી સારી રીતે ચાલ્યું હતું. પ્રભુએ સામર્થ્યવાન રીતે કામ કર્યું અને પોતાના માટે ઘણા આત્માઓ પસંદ કર્યા હતા.

જ્યારે સેવાકાર્યના દિવસો પૂરા થયા, ત્યારે અમે પાછા જવાની તૈયારી કરી રહ્યા હતા. જો કે, જે ભાઈએ અમને આમંત્રણ આપ્યું હતું તે અમારા પ્રવાસ ખર્ચ અંગેનું તેમનું વચન પૂરું કરી શકવા અસમર્થ હતા. આ અણધાર્યા વળાંકે અમારી આગામી સફર માટે પડકારરૂપ નાણાકીય પરિસ્થિતિ ઊભી કરી. તેમ છતાં, તે નોંધપાત્ર હતું કે આ ઘટનાએ આપણી શાંતિને ખલેલ પહોંચાડી નહિ. જેમ કે શાસ્ત્ર આપણને યાદ અપાવે છે, અને આપણે જાણીએ છીએ કે **જેઓ ઈશ્વર ઉપર પ્રેમ રાખે છે તેઓને માટે એકંદરે સઘળું હિતકારક નીવડે છે.** રોમનોને પત્ર ૮:૨૮. આ કલમે અમને દિલાસો આપ્યો.

જો કે અમે આગલા શહેરની પ્લેનની ટિકિટો ખરીદી હતી, અમે જોયું કે અમારી પાસે ખોરાક માટે પૈસા હતા નહિ. અમે જે ટિકિટો ખરીદી હતી તે સસ્તી હતી, અને પરિણામે, એરલાઈન ચૂકવણી કર્યા વિના પાણી પણ પૂરું પાડવાના નહોતાં. પ્લેન તેના ગંતવ્ય સ્થાન પર પહોંચતા સુધી અમે ભૂખ અને તરસ સહન કરી.

આશ્ચર્યની વાત એ છે કે, મારા પુત્ર કે મેં આ બાબતે કોઈના પ્રત્યે કડવાશ રાખી નહિ. આપેલા વચન પ્રમાણે ભંડોળ પૂરું પાડવામાં નિષ્ફળ જવા માટે અમે ક્યારેય ભાઈને દોષી ઠરાવ્યા નહિ. અમે બંને તેના વિશે મૌન રહ્યા અને અમારા હૃદયમાં વ્યગ્ર થયા ન હતા. ઈશ્વરનો મહિમા થાઓ!

આગલા શહેરમાં પહોંચ્યા પછી, ઈશ્વરના બાળકો દ્વારા અમારું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું, જેઓ અમને અમારા વિરામ કરવાના સ્થળે લઈ ગયા અને અસાધારણ રીતે અમારી કાળજી લીધી.

બીજા દિવસે, એક ભાઈ અમારી મુલાકાતે આવ્યા. તેમણે અમારી સાથે થોડીવાર વાત કરી અને મને એક પરબિડીયું આપ્યું. તેમણે કહ્યું, **''પાસ્ટર, ઈશ્વરે મને તમારા કટોકટીના સમયે ખર્ચ માટે આ તમને આપવા સૂચના આપી છે''**. પરબિડીયુંની અંદર પૈસાની રકમ હતી જે અમારા મુસાફરીના ખર્ચ કરતાં વધુ હતી. અમે તેને જોઈને ઘણા બધા આનંદિત થયા. તે ભાઈ અને તેની મંડળી અમારા ખૂબ સારા મિત્રો બની ગયા હતા. કેવું અદ્ભુત આશ્ચર્ય! અમને કશાની કમી નહોતી. ત્યારથી ઈશ્વર અમને આ રીતે માર્ગદર્શન આપી રહ્યા છે.

પ્રિય વાચક, શું તમે પણ આ પ્રભુની સેવા કરવાનું પસંદ કરશો? **''સિંહના બચ્ચાંને તંગી પડે છે ને ભૂખ વેઠવી પડે છે; પણ જેઓ યહોવાને શોધે છે તેઓને કોઈપણ સારા વાનાની અછત હોશે નહિ.''** ગીતશાસ્ત્ર ૩૪:૧૦. **''અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે; જે માણસ તેના પર ભરોસો રાખે છે તેને ધન્ય છે.''!** ગીતશાસ્ત્ર ૩૪:૮

---

(પાન ૬ પરથી આગળ...)

**આવતો''.** (૧ શમુએલ ૨૭:૯).

આ વર્તણૂકએ તેને ઠંડે કલેજે ખૂન કરનાર ખૂનીમાં પરિવર્તિત કર્યો હતો, તેના માટે બાથશેબાના પતિ, ઊરિયાના મૃત્યુને તેના પોતાના મૃત્યુદંડની સજા સોંપીને તેનું આયોજન કરવાનું સરળ બનાવ્યું હતું. દાઉદે તેની ક્રિયાઓ માટે કોઈ પસ્તાવો દર્શાવ્યો ન હતો, કારણ કે આ માનસિકતાના બીજ લાંબા સમય પહેલા પલિસ્તી દેશમાં તેના રોકાણના સમય દરમિયાન રોપાયા હતા, ઈશ્વરની ઈચ્છાથી અને હાજરીથી દૂર. તે ઈસ્રાએલીઓ અને શાઉલ સામે લડવા સુધી પણ ગયો હતો. અધ્યાય ૨૯માં, આપણે પલિસ્તી સેનાના સરદારને કહેતા જોઈએ છીએ, આ માણસને પાછો મોકલ કે, જે જગા તેં તેને ઠરાવી આપી છે ત્યાં તે જાય, ને એને આપણી સાથે લડાઈમાં આવવા ન દેતો, રખેને યુદ્ધમાં તે આપણો સામાવાળિયો થઈ જાય. આખરે તેઓએ દાઉદને અટકાવ્યો હતો.

એકવાર વ્યક્તિ ઈશ્વરથી દૂર પાછળ ખસવાના ઢોળાવ પરથી નીચે સરકવાનું શરૂ કરે છે, તે એક આકરા ઢાળવાળું પતન બની જાય છે. દાઉદ ઝડપથી નીચે ઉતરી રહ્યો હતો.

તેની કાર્યોનું પરિણામ ગહન હતું: જ્યારે તે પાછો ફર્યો, ત્યારે તે જોઈને ચોંકી ગયો કે તેણે જે કમાવ્યું હતું તે બધું જ જતું રહ્યું હતું.

૧ શમુએલ ૩૦:૧-૨: દાઉદ તથા તેના માણસો ત્રીજે દિવસે સિકલાગ પહોંચ્યા, ત્યારે એમ બન્યું કે, અમાલેકીઓએ નેગેબ પર તથા સિકલાગ પર હલ્લો કરીને સિકલાગ પર મારો ચલાવી તેને બાળી દીધું હતું; અને તેમાંથી સ્ત્રીઓને તથા નાનાં મોટાં સર્વને કેદ પકડ્યાં હતાં; તેઓએ કોઈને મારી નાખ્યું ન હતું, પણ તેઓનું હરણ કરીને તેઓ

પોતાને રસ્તે ચાલ્યા ગયા હતા..

દાઉદે તેની પત્નીઓ અને તેના માણસોની અડગ વફાદારી સહિત બધું જ ગુમાવ્યું હતું, જેઓ દરેક જગ્યાએ તેની સાથે હતા અને તેની બધી લડાઈઓ લડ્યા હતા.

૧ શમુએલ ૩૦:૬ કહે છેઃ **"દાઉદને ઘણો ખેદ થયો; કેમ કે લોકો તેને પથ્થરે મારવાની વાત કરવા લાગ્યા".**

દાઉદે સંપૂર્ણપણે અળગાપણું અનુભવ્યું હતું; દરેક જણ તેની વિરુદ્ધ થવા લાગ્યું. તેણે તેનું કુટુંબ, તેની કારકિર્દી, તેની બચત અને તેની ખ્યાતિ - બધું એક જ રાતમાં ગુમાવ્યું હતું. તેના પોતાના લોકો તેના પર હુમલો કરવા અને તેને મારી નાખવા પણ તૈયાર થઈ ગયા હતા. તેના પર વિશ્વાસ કરવા માટે કોઈ નહોતું, તેની સમસ્યાઓ અથવા લાગણીઓ વહેંચવા માટે તેની સાથે કોઈ નહોતું.

આગેવાન બનવું ઘણીવાર એકલતાનો અનુભવ થઈ શકે છે. જ્યારે સંજોગો અનુકૂળ હોય, ત્યારે આગેવાનો પ્રશંસા મેળવે છે; જો કે, જ્યારે બાબતો અવ્યવસ્થિત થઈ જાય છે, ત્યારે ઘણીવાર કોઈ એવું હોતું નથી કે જેની પાસે તેઓ તેમની આંતરિક લાગણીઓ વ્યક્ત કરી શકે. અન્ય લોકોની જેમ, દાઉદે પણ બધું ગુમાવ્યું હતું, તેમ છતાં તેની પાસે તેની હતાશાને બહાર કાઢવા અથવા તેની વેદનાને બૂમ પાડવાની કોઈ જગ્યા નહોતી. શું તમે તેની માનસિક સ્થિતિની કલ્પના કરી શકો છો?

કેટલીકવાર, આપણે માનીએ છીએ કે ઈશ્વરથી દૂર રહેવું વધુ સારું છે. જો કે, ઈશ્વર ઘણીવાર આપણને લાંબી દોરડું આપે છે કેમ કે આપણા માટેનો તેમનો પ્રેમ ગહન અને અગમ્ય છે. તે આપણા પાપો અને આજ્ઞાભંગને પાર કરે છે. આ જ કારણ છે કે તેણે સ્વર્ગમાં બધું પાછળ છોડી દીધું અને એક સરળ માણસનું રૂપ ધારણ કર્યું - આપણને શાશ્વત જીવન પૂરું પાડવા માટે.

**"પોતે દેવના રૂપમાં છતાં, તેણે દેવ સમાન હોવાનું પકડી રાખવાને ઈચ્છ્યું નહિ. પણ તેણે દાસનું રૂપ ધારણ કરીને, એટલે માણસોના રૂપમાં આવીને પોતાને ખાલી કર્યો; અને માણસના આકારમાં પ્રગટ થઈને, મરણને, હા, વધસ્તંભના મરણને આધીન થઈને, પોતાને નમ્ર કર્યો."** - ફિલિપ્પીઓને પત્ર ૨:૬-૮.

તેઓ આપણા અસ્તિત્વમાં જીવન અને અર્થ લાવવા માટે વધસ્તંભ પર મૃત્યુ પામ્યા, આપણને આપણા જીવનોમાં હેતુ પૂરો પાડ્યો. તેઓ આપણને ઈનામ આપવા પાછા આવી રહ્યા છે, અને તેઓ ઈચ્છે છે કે આપણે તેમને પ્રેમ કરીએ અને તેમની સાથે ઘનિષ્ઠતાથી ચાલવામાં વ્યસ્ત રહીએ.

દાઉદે પોતાના દેવ યહોવામાં બળ પકડ્યું! બાઈબલ જણાવે છે કે દાઉદ ખૂબ જ દુઃખી થઈ ગયો હતો. જો કે, તે એમ પણ કહે છે કે તેણે યહોવામાં પોતાની જાતને મજબૂત કરી હતી. ઓહ! છેવટે, તેને સમજાયું કે તે ઈશ્વરથી કેટલો દૂર ભટકી ગયો હતો. તે બળમાં નવીકરણ કરવા માટે ઈશ્વરની પાસે પાછો ફર્યો હતો. દાઉદને ખબર પડી કે ઈશ્વર તેના સામર્થ્યનો એકમાત્ર સ્રોત છે, જે તેની નિરાશાજનક પરિસ્થિતિમાં તેને મદદ કરવા સક્ષમ છે. તે સમજી શક્યો હતો કે તેઓ મુશ્કેલીના સમયે હાજરાહજૂર મદદગાર છે. દાઉદે ઈશ્વરની હાજરી માટે વિનંતી કરી, ઈશ્વરની સલાહ પૂછી કે આગળ શું કરવું અને દિશા માટે તેમના મુખની શોધ કરી, સર્વશક્તિમાન પર તેની નિર્ભરતા દર્શાવી. આ વખતે, તે યહોવા પ્રભુના સામર્થ્ય વડે આગળ વધવા માંગતો હતો.

ઈશ્વર અત્યારે આપણામાંના કેટલાકને સામર્થ્ય, પ્રોત્સાહન, ક્ષમાશીલતા અને પુનઃસ્થાપન માટે તેમની પાસે આવવા માટે બોલાવે છે - જ્યાં આપણે રહેવું જોઈએ ત્યાં પાછા ફરવા માટે. દાઉદ ઈશ્વરના હાથમાં પડવા માટે અચકાયો ન હતો, અને આવો આપણે તે જ કરવામાં અચકાવું જોઈએ નહિ.

બાઈબલ આપણને કહે છે કે જ્યારે દાઉદ ઈશ્વરની પાસે પાછો ફર્યો, ત્યારે (૧ શમુએલ ૩૦:૧૮), **"સર્વ દાઉદે પાછું મેળવ્યું".** તેણે જે ગુમાવ્યું હતું તે બધું પાછું મેળવ્યું - કુટુંબ, પૈસા, ખ્યાતિ, દરજ્જો, મિત્રો, મિલકત અને સંપત્તિ. કલ્પના કરો કે : દાઉદને બધું જ પાછું મળ્યું હતું, માત્ર પોતાના માટે જ નહિ, પણ તેના બધા માણસો માટે પણ. જ્યારે આપણે તેમનામાં ભરોસો કરીએ છીએ, ત્યારે ઈશ્વર એવો રસ્તો શોધી કાઢશે જ્યાં એવું લાગતું નથી. તેઓ અલૌકિક દ્વારો ખોલી શકે છે.

કદાચ તમે તમારી જાતને દાઉદની જેવી પરિસ્થિતિમાં જોશો, એવું અનુભવો છો કે જાણે તમે બધું ગુમાવી દીધું હોય અને પુનઃપ્રાપ્તિ શક્ય છે કે કેમ તે વિચારીને વિચારી રહ્યાં છો, "શું કોઈ રસ્તો છે? આમાં હું એકલો છું.

વહાલા ભાઈઓ અને બહેનો, યાદ રાખો કે આપણે એકલા નથી; ફક્ત પિતા પાસે દોડી જાઓ, અને તેઓ આપણા સારા માટે બધું ગોઠવશે.

વહાલા મિત્રો, દાઉદના જીવનમાં ભારે પતન તેના વિચારોથી ઉદભવ્યુ હતું, તેથી આવો આપણે જે વિચારીએ છીએ તેનાથી સાવચેત રહીએ. તે જ સમયે, યાદ રાખો કે આપણા ઈશ્વર એક દયાળુ પિતા છે, તેઓ તમે અને હું તેમની પાસે પાછા ફરવાની રાહ જોઈ રહ્યા છીએ, શાશ્વત ખુલ્લા હાથ સાથે. શું તમે તેમની પાસે દોડી જશો?

******

## કૃપા કરીને ધ્યાન આપશો!

### પાળક એસ. સામ સેલ્વરાજની આત્મકથા

અમે પાળક એસ. સામ સેલ્વરાજની આત્મકથાને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવાના અંતિમ તબક્કામાં છીએ. **અમે તમારી સાક્ષીઓ માટે વિનંતી કરીએ છીએ, જે દસ લીટીઓ સુધીની હોઈ શકે છે, જેમાં ઈશ્વરે તેમની મિનિસ્ટ્રી દ્વારા તમારા આત્મિક વિકાસને કેવી રીતે પ્રભાવિત કર્યો છે તેની વિગત હોય.** વધુમાં, જો તમે આત્મકથામાં સમાવેશ કરવા માટે તમારો એક ફોટો મોકલશો તો અમે તેની કદર કરીશું.

**- સંપાદક**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીઝ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીઝ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### 1. Bank : State Bank of India

| | | |
|---|---|---|
| Branch | : | Triplicane, Chennai-5 |
| Name | : | S. Sam Selva Raj |
| A/C No. | : | 1023 2934 679 |
| IFSC | : | SBIN 00 00 249 |
| SWIFT CODE | : | SBI NIN BB 455 |

### 2. Bank : ICICI Bank

| | | |
|---|---|---|
| Branch | : | Anna Salai, Chennai-6 |
| Name | : | Echo of His Call |
| A/C No. | : | 6038 0502 2319 |
| IFSC | : | ICIC 000 6038 |

### 3. Bank : State Bank of India

(This Account is for Tax Exemption for Indians only )

| | | |
|---|---|---|
| Branch | : | Triplicane, Chennai-5 |
| Name | : | Echo of His Call Educational Trust |
| A/C No. | : | 1023 2923 805 |
| IFSC | : | SBIN 00 00 249 |

Google Pay: 98410 71858
PayPal : SAM SELVA RAJ

*****

E.mail : sam@echoofhiscall.org

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીઝ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીઝ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 16th OCTOBER 2024

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**